અમદાવાદના મહે.એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,
કોર્ટ નં.૧૫, મુ.અમદાવાદ

**ફોજદારી કેસ નં. ૫૧૬૪૨/૨૦૧૮**

ફરિયાદી :– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી/આરોપીઓઃ– ૧. સલમાન રમઝાનખાન પઠાણ
૨. ફૈઝલખાન ફિરોજખાન પઠાણ
૩. વસીમભાઈ નાસીરએહમદ શેખ
૪. મહમદ સમીર મહમદ સમર કુરેશી
૫. શહેઝાદ નીયામતઅલી અંસારી
૬. રાજેશભાઈ ચતુરભાઈ ઠાકોર
૭. રીઝવાનખાન ઝબ્બાતખાન પઠાણ
૮. ફિરોઝખાન ગુલામમોહમંદ પઠાણ
૯. કેશ મહમદ એસ મહમદ રાજપુત
૧૦. ઈમરાનખાન મુખ્તીયાર પઠાણ

## જુગારધારા કલમ –૪,૫ મુજબનો ગુનાનો ઠરાવ.

આ કામે ફરિયાદી પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ ફરિયાદમાં જણાવેલ સમય અને સ્થળે એક મકાનમાં પોતાના અંગત ફાયદા સારૂ પૈસાની હારજીતનો જુગાર રમતા મળી આવતા જુગારધારાની કલમ–૪,૫ મુજબનો ગુનો કરેલ છે, જેથી તે અંગેનું પંચનામું કરી તેઓની ધરપકડ કરવામાં આવેલ અને કાયદેસરની ફરિયાદ આપવામાં આવેલ તેમજ તપાસના અંતે આરોપીઓ સામે પુરતો પુરાવો મળી આવતા અદાલતમાં ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ.

આરોપી/આરોપીઓ અદાલત સમક્ષ રજૂ કરતાં, તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ ભારતીય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ મુજબ વિના મૂલ્યે આપવામાં આવેલ છે અને તેઓને ગુના અંગે પ્લી રેકર્ડ કરતાં, તેઓએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. અદાલત તરફથી તેઓને જણાવવામાં આવેલ છે કે, તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને જો તેઓ પોતાના ખર્ચે વકીલ રોકી શકે તેમ ન હોય તો સરકારશ્રી તરફથી તેઓને વકીલ મળી શકે તેમ છે અને તેઓ પોતાના

બચાવ કરી શકે તેમ છે. ત્યારબાદ પણ તેઓએ પોતાનો ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને તે અંગે પોતાની સહીથી કબુલાત પુરસીસ આપેલ છે.

આરોપી/ઓએ એવી રજૂઆત કરેલ છે કે, તેઓ ખૂબ જ ગરીબ વર્ગના છે, તેઓના ઘરમાં પોતાના સિવાય અન્ય કોઈપણ ઈસમ કમાનાર નથી, હવે પછી કયારેય તેઓ કોઈપણ પ્રકારનો ગુનો કરશે નહી, તેઓ પોતાને સુધારવાની એક તક આપવા આજીજી કરે છે, જેથી દયાભાવ રાખી ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે. વધુમાં આરોપી/ઓએ " નો કલેઈમ" પુરસીસ આપેલ છે અને જણાવેલ છે કે, આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ તેઓ કલેઈમ કરવા માંગતાં નથી.

નામદાર ગુજરાતની વડીઅદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯– સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવર હરચંદજી ઠાકોરના કેસમાં એવો સિઘ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ઘ્યાનમાં લઈ કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછી સજા અને દંડ કરી શકાય. ઉપરોકત ચુકાદો હાલના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જુથી આરોપી/આરોપીઓની સ્થિતિ અને સંજોગો ઘ્યાને લઈ ઓછી સજા અને દંડ કરી તેને સુધારવાની તક આપવી ન્યાયોચિત માની કાયદાએ સૂચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ આ અદાલતનું નમ્રપણે માનવું છે. જેથી સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## –::આખરી હુકમ::–

દરેક આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૨૫૨ મુજબ જુગાર ધારાની કલમ –૪,૫ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી જુગારધારાની કલમ–૪,૫ મુજબના ગુના સબબ પ્રત્યેક આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને દરેકને રૂા.૧,૦૦૦/– લેખે રૂા. ૯,૦૦૦/– (અંકે રૂપિયા નવ હજાર પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દરેકને દિન – ૧૦(દસ)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ અંગે અગાઉ કોઈ હુકમ થયેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે તથા અન્ય મુદ્દામાલ યોગ્ય સમયમાં કલેઈમ કરવામાં આવેલ તો માલિકીની ખરાઈ કરી પરત કરવા અન્યથા અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવો તથા અપીલ સમય બાદ મુદ્દામાલ રોકડ રકમ નિયમોનુસાર સરકારશ્રી ખાતે જમા કરાવવાનો હુકમ કરવામુ આવે છે તેમજ કબજે કરેલ જુગારના સાહિત્યનો નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૦૮ મી, માહે ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ સ્પેશીયલ સીટીગ/ખુલ્લી અદાલતમાં જાહેર કર્યા.

સ્થળ :– અમદાવાદ

તા.૦૮/૦૨/૨૦૨૦

(ડાૅ.આર.એન.કરનાની)

સહી– અવાંચ્ય

એડી.ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ

કોર્ટ નં.૧૫, અમદાવાદ.